A.K. RAMANI

ADVOCATE

# તુલસી આશ્રય - કોઠારીયા

# TITLE VERIFICATION REPORT




❖ **Legal Adviser** ❖

**A. K. Ramani**

**B.A. LL.B. LL.M. - Advocate**

Off. No. 302, Sanskar Comp., 150 ft Ring Road, Near K.K.V. Hall, Kalawad Road, Rajkot Mo. 99986 99422/92653 29755

# A. K. Ramani

**B.A. LL.B. LL.M., Advocate**

Office No. 302, Sanskar Complex, Near K.K.V. Hall, 150 ft Ring Road, Rajkot, Mo.99986 99422, 92653 29755


Dt. 21/10//2019

## :: <u>ટાઈટલ વેરીફીકેશન રીપોર્ટ</u> ::

**પ્રતી,**

**'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો દરજ્જે ::–

**( PAN : ABPFA 7109 Q )**

**(૧) શ્રી વિપુલભાઈ ગાંડુભાઈ ચોવટીયા,**

**(૨) શ્રી રાકેશભાઈ વિઠલભાઈ અકવાલીયા,**

**(૩) શ્રી કરશનભાઈ જસમતભાઈ રામાણી,**

બધા હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો : વેપાર,

ઠે. 'રૂદ્રાક્ષ' બ્લોક નં. ૩૫, સુરભી રેસીડેન્સી, શેરી નં.–૧,

કોઠારીયા પાર્ટ, રાજકોટ – ૩૬૦૦૨૨.

***<u>ઉપરોકત ક્રમ નં. ૧ તથા ૨ ભાગીદારી પેઢીના ભાગીદારો તથા અધિકૃત વહીવટકર્તા દરજ્જે.</u>***

**<u>બાબત</u> :– <u>આપની માલીકીની સ્થાવર મિલ્કતના ટાઈટલ સંબધે અભિપ્રાય</u>**

મહોદયશ્રી,

આપના તરફથી આપની માલીકીની આ નીચે જણાવેલ મિલ્કતના ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ અમારા અભિપ્રાય માટે અમારી સમક્ષ રજુ કરવામાં આવેલ છે, જે ફાઈલમાં શામેલ દસ્તાવેજોનો અભ્યાસ કરી તે બાબતે અમો અમારો અભિપ્રાય નીચે મુજબ આપીએ છીએ.

**<u>સ્થાવર મિલ્કતનું વર્ણનઃ–</u>**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ–ડીસ્ટ્રીકટ રાજકોટના રાજકોટ શહેરમાં સમાવિષ્ટ કરવામાં આવેલ મોજે ગામ **કોઠારીયા** ના **રેવન્યુ સર્વે નં. ૧૧૧ પૈકી ૨** ની જમીનના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરી વાળા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧** ની જમીન **ચો.મી.આ. ૮૫૮–૦૬** બરાબર **ચો.વા.આ. ૧૦૨૬–૨૪** ઉપર રહેણાંક તથા વાણીજય હેતુ માટેની **'તુલસી આશ્રય'** તરીકે ઓળખાતી બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલુ કરેલ છે કે જે સમગ્ર મિલ્કતની ચતુઃસીમા નીચે મુજબ છે.

RAMANI ... CATE



**<u>સ્થાવર મિલ્કતની ચતુઃસીમા</u> :–**

| | | |
|---|---|---|
| ઉતરે | :– | લાગુ ૧૨–૦૦ મી. નો ટી.પી. રોડ આવેલ છે, તે તરફ માપ મીટર ૯–૪૨ + ૯–૧૩ છે, તે તરફ ગોળાઈ આવેલ છે. |
| દક્ષીણે | :– | લાગુ ૭–૫૦ મી. નો રોડ આવેલ છે, તે તરફ માપ મીટર ૪૦–૯૩ છે, તે તરફ ગોળાઈ આવેલ છે. |
| પૂર્વે | :– | લાગુ ૨૪–૦૦ મી. પ્રપોઝેડ નેટવર્ક રોડ આવેલ છે, તે તરફ માપ મીટર ૩૭–૭૫ છે, તે તરફ ગોળાઈ આવેલ છે. |
| પશ્ચિમે | :– | લાગુ રે. સ. નં. ૧૧૧/પૈકી ની મિલ્કત આવેલ છે, તે તરફ માપ મીટર ૨૭–૮૯ છે. |

<u>ટાઈટલ ડીડઝ</u> :–

/૧/ સબ–રજી. કચેરીમાં ૩૦ (ત્રીસ) વર્ષનું સર્ચ કર્યા અંગેની પહોંચ નં. ૨૦૧૯૩૨૭૦૦૮૯૭૯ તથા પહોચ નં. ૨૦૧૯૦૨૩૦૩૦૯૪૬ / ૨૦૧૯૦૨૨૦૨૮ ૨૧૦, તા.૧૬/૧૦/૨૦૧૯ ની– નકલ.

/૨/ 'અદિતિ ઈન્ફ્રા.' ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના નામના ગામ નમુના નં. ૨ ની નકલ.

/૩/ રાજકોટ મ્યુની. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં. ૧૧૯૯, તા.૧૮/૧૦/૨૦૧૯ થી મંજુર કરાવેલ બિલ્ડીંગ પ્લાનની નકલ.

/૪/ અનુક્રમ નં. ૪૮૮૩, તા.૦૧/૧૦/૨૦૧૯ થી 'અદિતિ ઈન્ફ્રા.' ભાગીદારી પેઢી જોગ શ્રી સુરેશભાઈ ભગવાનજીભાઈ કાસુન્દ્રા વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

/૫/ અનુક્રમ નં. ૪૧૨૨, તા.૧૩/૦૮/૨૦૧૯ ના રોજ અદિતિ ઈન્ફ્રા. ના ભાગીદારો વચ્ચે કરવામાં આવેલ રજી. ભાગીદારી દસ્તાવેજ તથા રજી. ઓફ ફર્મ ની નકલ.

/૬/ અનુક્રમ નં. ૧૧૫૦૧, તા.૨૦/૦૬/૨૦૧૧ થી શ્રી સુરેશભાઈ ભગવાનજીભાઈ કાસુન્દ્રા વિગેરે ના સંયુકત નામ જોગ શ્રી ચેતનભાઈ ધીરજલાલ રોકડએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

/૭/ અનુક્રમ નં. ૬૧૯૨, તા.૨૬/૦૪/૨૦૦૭ થી શ્રી ચેતન ધીરજલાલ રોકડ જોગ શ્રી માધાભાઈ ગોકળભાઈ મેનપરા વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

/૮/ અનુક્રમ નં. ૫૭૮૯, તા.૨૬/૧૨/૧૯૭૫ (નવો નં. ૭૦૪૪, તા.૦૪/૧૨/૧૯૭૯) થી શ્રી ગોકળભાઈ પ્રેમજીભાઈ મેનપરા વિગેરે જોગ ગુજ. જાદવભાઈ લીંબાભાઈના વારસ તરીકે અને જાતેથી શ્રી પોપટભાઈ લીંબાભાઈએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

/૯/ ૧ નં. બુકના નં. ૧૫૦૪, વો. ૩૧૦, તા.૨૨/૦૫/૧૯૬૩ થી પટેલ જાદવભાઈ લીંબાભાઈ વિગેરે જોગ શ્રી અજીતસિંહજી શિવસિંહજી જાડેજાએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની નકલ.

.. ૩ ...

/૧૦/ જીલ્લા કલેકટર કચેરી, રાજકોટના બીનખેતી હુકમ નં. એનએ.–લેરેકોક. –૬૫–કેસ નં. ૧૨૭/૧૦–૧૧, તા.૦૫/૦૧/૨૦૧૧ તથા બીનખેતી લે–આઉટ પ્લાનની નકલો.

/૧૧/ ઝોન સર્ટીફીકેટ તથા પાર્ટ પ્લાન તેમજ ટીપ્પણ ની નકલ.

/૧૨/ સીમતળનો સ્કેચ તથા માપણી રજીસ્ટરની નકલ.

/૧૩/ પ્રમોલગેશનથી ઉતરોતર ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નકલ.

ઉપરોકત ટાઈટલ ડીડઝ અમોએ તપાસતા જણાય છે કે ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજેગામ **કોઠારીયા** ની ખેડવાણ જમીન કે જે શ્રી જાડેજા અજીતસિંહજી શીવસિંહજી તે ગુજ. શીવસિંહજીના વારસ તરીકે તેમની પાસે ઘરખેડની જમીન શ્રી ગુ.મા.સા. ના કેસ નં. ૧૦૨, તા.૦૬/૦૫/૧૯૫૩ થી પ્રમાણપત્ર મળતાં તેનો પ્રત્યક્ષ કબ્જો હોય નામ દાખલ કરવામાં આવતા શ્રી જાડેજા અજીતસિંહજી શીવસિંહજી ના સ્વતંત્ર નામે અને ખાતે આવેલ, જે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૧ થી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ મોજેગામ **કોઠારીયા** માં નવી માપણી અમલમાં આવતાં જુના રેવન્યુ **સર્વે નં. ૧૦૩/૧** ની ખેડવાણ જમીન **એકર ૫–૨૪ ગુંઠા** ને નવી માપણી મુજબના રેવન્યુ **સર્વે નં. ૧૧૧** ની ખેડવાણ જમીન **એકર ૬–૨૦ ગુંઠા** શ્રી જાડેજા અજીતસિંહજી શીવસિંહજી ના નામે અને ખાતે આવેલ, જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૪૨૨, તા.૧૫/૦૭/૧૯૬૫ થી નોંધ દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ શ્રી જાડેજા અજીતસિંહજી શીવસિંહજીએ તેમની **કોઠારીયા** ના જુના રેવન્યુ **સર્વે નં. ૧૦૩/૧** ની ખેડવાણ જમીન **એકર ૫–૨૪ ગુંઠા** ને નવી માપણી મુજબના રેવન્યુ **સર્વે નં. ૧૧૧** ની ખેડવાણ જમીન **એકર ૬–૨૦ ગુંઠા** વાળી ખેડવાણ જમીન ૧ નં. બુકના નં. ૧૫૦૪, વો. ૩૧૦, તા.૨૨/૦૫/૧૯૬૩ થી શ્રી પોપટભાઈ લીંબાભાઈ વિગેરેને વેચાણ આપેલ જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૩૪૨, તા.૧૩/૦૩/૧૯૬૫ તથા નોંધ નં. ૫૭૬, તા.૧૫/૦૭/૧૯૬૫ થી પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ શ્રી પોપટભાઈ લીંબાભાઈ જાતેથી તથા ગુજ. જાદવભાઈ લીંબાભાઈના વારસ તરીકે તેમની **કોઠારીયા** ની રેવન્યુ **સર્વે નં. ૧૧૧** ની ખેડવાણ જમીન **એકર ૬–૨૦ ગુંઠા** પૈકી જમીન **એકર ૪–૦૦ ગુંઠા** વાળી ખેડવાણ જમીન અનુક્રમ નં. ૫૭૮૯, તા.૨૬/૧૨/૧૯૭૫ (નવો નં. ૭૦૪૪, તા.૦૪/૧૨/૧૯૭૯) થી શ્રી ગોકળભાઈ પ્રેમજીભાઈ મેનપરા વિગેરેને વેચાણ આપેલ જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૧૨૭૭, તા.૨૫/૦૬/૧૯૮૧ થી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

.. ૪ ...

ત્યારબાદ શ્રી ગોકળભાઈ પ્રેમજીભાઈ મેનપરા નું તા.૨૯/૦૧/૧૯૯૫ ના રોજ અવસાન થતાં મોજેગામ **કોઠારીયા** ના રેવન્યુ **સર્વે નં. ૧૧૧** ની ખેડવાણ જમીન **એકર ૬–૨૦ ગુંઠા** વાળી ખેડવાણ જમીનમાં તેમના સીધીલીટીના વારસદાર દરજજે શ્રી લાલજીભાઈ ગોકળ ભાઈ વિ–૫ ના નામે આવેલ જે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં. ૨૮૭૯, તા.૧૯/૦૯/૨૦૦૬ થી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ ત્યારબાદ સદરહુ ખેડવાણ જમીન માંથી ૧. શ્રી દિવાળીબેન ગોકળભાઈ અને ૨. શ્રી હેમીબેન ગોકળભાઈએ તેમનો હકક, હિત, હિસ્સો ઉઠાવી લેવા અરજી રજુ કરતાં ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં. ૨૮૮૦, તા.૧૯/૦૯/૨૦૦૬ થી હકક કમી અંગેની નોંધ પ્રમાણીત કરવામાં આવેલ અને સદરહું ખેડવાણ જમીન શ્રી માધાભાઈ ગોકળભાઈ મેનપરા વિ–૩ ના નામે અને ખાતે આવેલ.

ત્યારબાદ શ્રી માધાભાઈ ગોકળભાઈ મેનપરા વિ–૩ એ તેમની **કોઠારીયા** ના રેવન્યુ **સર્વે નં. ૧૧૧ પૈકી ૨** ની ખેડવાણ જમીન **એકર ૪–૦૦ ગુંઠા** વાળી ખેડવાણ જમીન અનુક્રમ નં. ૬૧૯૨, તા.૨૬/૦૪/૨૦૦૭ થી શ્રી ચેતન ધીરજલાલ રોકડને વેચાણ આપેલ જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૩૦૧૫, તા.૨૧/૦૯/૨૦૦૭ થી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ શ્રી ચેતન ધીરજલાલ રોકડએ તેમની **કોઠારીયા** રેવન્યુ **સર્વે નં. ૧૧૧ પૈકી ૨** ની ખેડવાણ જમીન **હે.આ.ચો. ૧–૬૧–૮૮** ને રહેણાંકના હેતુ માટેનો લે–આઉટ પ્લાન મંજુર કરાવવા માટે રાજકોટ શહેરી વિકાસ સતામંડળ – રાજકોટના પ્રકરણ ક્રમાંક નં. રૂડા/ટેક/ડેવ/કોઠારીયા/૩૬૫/૦૯/૩૫૯, તા. ૨૫/૦૧/૨૦૧૦ ના રોજથી પ્લોટ નં. ૧ થી ૮૫ એમ મળી કુલ ૮૫ પ્લોટસની જમીન ચો.મી.આ. ૭૮૫૧–૪૮ તથા કોમન પ્લોટ ની જમીન ચો.મી.આ. ૯૭૧–૦૩ તથા આંતરિક રસ્તા ની જમીન ચો.મી.આ. ૮૮૭–૪૯ તથા પ્રપોઝડ ટી.પી. નેટવર્ક રોડ તથા ટી.પી. રીઝર્વેશન તથા એકસેસ લેન્ડમાં કપાત થતી કુલ જમીન ચો.મી.આ. ૬૪૭૮–૦૦ એમ મળી કુલ જમીન ચો.મી.આ. ૧૬૧૮૮–૦૦ નો લે–આઉટ પ્લાન મંજુર કરાવેલ છે અને મંજુર થયેલ લે–આઉટ પ્લાન અન્વયે બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૬૫ હેઠળ જીલ્લા કલેકટર કચેરી, રાજકોટના બીનખેતી હુકમ નં. એનએ.–લેરેકોક. –૬૫–કેસ નં. ૧૨૭/૧૦–૧૧, તા.૦૫/૦૧/૨૦૧૧ થી બીનખેતીની પરવાનગી આપેલ છે જે અંગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) નોંધ નં.૮૪૬૪, તા.૨૪/૦૨/૨૦૧૧ થી પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ ઉપરોકત પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧** ની જમીન **ચો.મી.આ. ૮૫૮–૦૬** વાળી ખુલ્લી જમીન શ્રી ચેતન ધીરજલાલ રોકડએ રજી. વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં. ૧૧૫૦૧, તા.૨૦/૦૬/૨૦૧૧ થી શ્રી સુરેશભાઈ ભગવાનજીભાઈ કાસુન્દ્રા વિગેરેને વેચાણ આપેલ.જે અગે ગામ નમુના નં. ૬ (હકકપત્રક) ની નોંધ નં. ૯૯૫૪, તા.૧૪/૦૮/૨૦૧૧ થી નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહુ મોજેગામ **કોઠારીયા** રેવન્યુ **સર્વે નં. ૧૧૧ પૈકી ૨** ના બીનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૧** ની જમીન **ચો.મી.આ. ૮૫૮–૦૬** વાળી ખુલ્લી જમીન રજી.વેચાણ દસ્તાવેજ અનું. નં. ૪૮૮૩, તા.૦૧/૧૦/૨૦૧૯ થી **'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢી જોગ શ્રી સુરેશભાઈ ભગવાનજીભાઈ કાસુન્દ્રા વિગેરેએ વેચાણ આપેલ. જે અંગે ગામ નમુના નં. ૨ બીજી કાયમ ઉપજનું પત્રકમાં નોંધ નં. ૯૧૮૮ થી **'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સ્વતંત્ર કબ્જા ભોગવટા અને માલીકીની આવેલ છે.

ત્યારબાદ **'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીએ સદરહુ જમીન ઉપર બાંધકામ કરવા માટે રાજકોટ મ્યુની. કોર્પોરેશનના બાંધકામ પરવાનગી નં. ૧૧૯૯, તા.૧૮/૧૦/૨૦૧૯ થી બિલ્ડીંગ પ્લાન મંજુર કરાવેલ છે અને તે રીતે સદરહું ખુલ્લી જમીન ઉપર મંજુર કરેલ બીલ્ડીંગ પ્લાન મુજબનું રહેણાંક તથા વાણીજય હેતુ માટેની **'તુલસી આશ્રય'** તરીકે ઓળખાતી બહુમાળી ઈમારતનું બાંધકામ ચાલુ કરેલ છે અને તે રીતે સદરહુ **'તુલસી આશ્રય'** તરીકે ઓળખાતી રહેણાંક તથા વાણીજય હેતુ માટેની બહુમાળી ઈમારત તથા તે માંહે આવેલ તમામ યુનીટસ **'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સ્વતંત્ર કબ્જા,ભોગવટા અને માલીકીના આવેલ છે.

ઉપરોકત વર્ણનવાળા ઉતરોતર ટાઈટલ ડીડઝ તપાસતા તેમજ સબ રજીસ્ટાર કચેરી, રાજકોટ માં છેલ્લા ૩૦ વર્ષનું સર્ચ કર્યા અંગેની પહોંચ નં. ૨૦૧૯૩૨૭૦૦૮૯૭૯ તથા પહોચ નં. ૨૦૧૯૦૨૩૦૩૦૯૪૬ / ૨૦૧૯૦૨૨૦૨૮ ૨૧૦, તા.૧૬/૧૦/૨૦૧૯ થી ભરેલ છે અને રેકર્ડ તપાસેલ છે અને આ મિલ્કત ઉપર કોઈપણ પ્રકારનો બોજો નોંધાયેલ નથી, તેથી ઉતરોતર દસ્તાવેજોના આધારે સ્પષ્ટ માનવાને કારણ છે કે ઉપરોકત મિલ્કત **'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના સ્વતંત્ર કબ્જા, ભોગવટા અને માલીકીની આવેલ છે અને તે રીતે સદરહુ મિલ્કતનો કોઈપણ પ્રકારે વહીવટ કરવા **'અદિતિ ઈન્ફ્રા.'** ના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો તથા અધિકૃત વહીવટકર્તા દરજજે **શ્રી વિપુલભાઈ ગાંડુભાઈ ચોવટીયા,** અને **શ્રી રાકેશભાઈ વિઠલભાઈ અકવાલીયા** ને સંયુકત રીતે સંપૂર્ણ સતા અને અધિકાર છે અને મારા સ્પષ્ટ અભિપ્રાય મુજબ સવાલ વાળી મિલ્કતના ટાઈટલ કોઈપણ ગીરો બોજા વગરના વ્યાજબી શંકા રહીત માર્કેટેબલ તથા ટાઈટલ કલીયર હોવાનું મારૂ માનવું છે.

**રાજકોટ,**

**તા.૨૧/૧૦/૨૦૧૯**

A. K. RAMANI ADVOCATE

**એ. કે. રામાણી**

**– એડવોકેટ**

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે સ નં.111 પૈકી 2 પ્લોટ નં.1

Search in : Kothariya/Kothariya

પહોંચ નંબર ૨૦૧૯૩૨૭૦૦૮૯૭૯ અરજી નંબર ૩૮૪૩ અરજી વર્ષ ૨૦૧૯

તારીખ ૧૬ માહે ઓક્ટ્મ્બર સને ૨૦૧૯

રજુ કરનારનું નામ એ.કે.રામાણી (એડ) શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી....... | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો....... | |
| શેરોની નકલ કરવા માટે ફી....... | |
| ટપાલ ખર્ચ....... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )....... | |
| શોધ અગર તપાસણી............Year: 2012 2019 | ૯૦.૦૦ |
| દંડ કલમ-૨૫....... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )....... | |
| નકલ ફી ફોલીયો....... | |
| ઈન્ડેક્ષ-૨ ફી ....... | |
| કુલ એકંદરે રૂ. | ૯૦.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-7 (KOTHARIYA) સબ રજીસ્ટ્રારનો સિક્કો રાજકોટ-૭ (કોઠારીયા)

અંકે રૂપીયા નેવું પુરા

દસ્તાવેજ __________ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં __________ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

M S Jethava
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 7 - કોઠારીયા

IGR-NIC(G) 7152791743509198641 (W) ૧૬/૧૦/૨૦૧૯ 17:51:55

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે.સ.નં. 111 પૈકી 2 પ્લોટ નં. 1 ચો.મી. 858.06

Search in : કોઠારીયા /KOTHARIYA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૧૯૦૨૩૦૩૦૯૪૬ | અરજી નંબર | ૧૮૫૭૯ | અરજી વર્ષ | ૨૦૧૯ |
| તારીખ | ૧૬ | માહે | ઓક્ટ્મ્બર | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ એ.કે.રામાણી -શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો.................................... | |
| શેરોની નકલ કરવા માટે ફી.................................................. | |
| ટપાલ ખર્ચ....................................................................... | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )............................. | |
| શોધ અગર તપાસણી............Year: 1998 2012 | ૧૬૦.૦૦ |
| દંડ કલમ-૨૫................................................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................................ | |
| નકલ ફી ફોલીયો................................................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી .................................................................... | |
| કુલ એકંદર રૂ. | ૧૬૦.૦૦ |

THE SEAL OF THE SUB-REGISTRAR OF RAJKOT-2 (MORBI ROAD) રાજકોટ સબ રજીસ્ટ્રારની (સિક્કો) રાજકોટ-૨ (મોરબી રોડ) સત્યમેવ જયતે

અંકે રૂપીયા એક સો સાઈઠ પુરા

દસ્તાવેજ ----------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં ---------------- આવશે.
કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશે.

A. N. Dasani
સબ રજીસ્ટ્રાર
રાજકોટ - 2

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : કોઠારીયા ના રે.સ.નં.111 પૈકી 2 પ્લોટ નં.1

Search in : RAJKOT-1/RAJKOT-1

| પહોંચ નંબર | ૨૦૧૯૦૨૨૦૨૮૨૧૦ | અરજી નંબર | ૨૦૪૭૭ | અરજી વર્ષ | ૨૦૧૯ |
|---|---|---|---|---|---|
| તારીખ | ૧૬ | માહે | ઓક્ટમ્બર | સને | ૨૦૧૯ |

રજુ કરનારનું નામ એ.કે.રામાણી(એડ)શોધ

નીચે પ્રમાણે ફી પહોંચી રૂ. પૈસા

રજીસ્ટ્રેશન ફી.................................................................

નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો...........................................

શેરોની નકલ કરવા માટે ફી.....................................................

ટપાલ ખર્ચ..........................................................................

નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )..........................

શોધ અગર તપાસણી............Year: 1988 1997 ૧૧૦.૦૦

દંડ કલમ-૨૫.......................................................................

કલમ-૩૪ (કલમ-૫૭ )..........................................................

નકલ ફી ફોલીયો.................................................................

ઈન્ડેક્ષ-૨ ફી .....................................................................

| કુલ એકંદરે રૂ. | ૧૧૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો દસ પુરા

દસ્તાવેજ

_ _ _ _ _ _ _ _ _ _ _ ના દિવસે તૈયાર થશે અને

તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં

_ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ _ આવશે.

કચેરીમાં આપવામાં

નકલ

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

એમ.જે.રાજયગુરૂ

સબ રજીસ્ટ્રાર

રાજકોટ - 1